: નરસિંહની ઊર્મિકવિતા સહજ મધુર સરવાણી :

પાંચેક સૈકાથી જેની પ્રસાદિક વાણી કુટુંબોમાં ઘેરઘેર ગુંજતી રહી છે તે નરસિંહની અનન્ય લોકપ્રિયતા બતાવે છે. નરસિંહનાં પ્રભાતિયાંથી શરૂ થતી રોજિંદી ક્રિયાઓ નરસિંહનાં કાવ્યોનું મહ્દ ગૌરવ કહેવાય. નરસિંહ અને મીરાં એ બે નામો લગભગ સાથે જ બોલાય છે. શ્રીકૃષ્ણના સમયથી જ ગુજરાતનું ધાર્મિક જીવન ભકિતપ્રધાન રહેલું છે. ને તેને ટકાવી રાખવામાં નરસિંહ મહેતાની ભકિતરસથી ભરેલી કવિતાનું અગ્રસ્થાન છે. આ સ્થાન તે માત્ર તેના ભકિતરસને લીધે નહિ, પણ તેની કવિતામાં ભકિતરસ તેમ જ તત્ત્વજ્ઞાન છે, તેને લીધે. મીરાંમાં માત્ર ભકિત છે, નરસિંહની કવિતામાં ભકિત અને તત્ત્વજ્ઞાનનો સુંદર સમન્વય છે. માટે હૃદય અને બુદ્ધિ બંનેને સ્પર્શે છે. આદિ નહિ હોવા છતાં આદિ કવિ ગણાયેલો ગુજરાતનો આ ભીકતકવિ ગુજરાતનો એક જ્યોતિર્ધર છે.

શ્રી બ.ક.ઠા, શ્રી આ.બા.ધ્રુવ, શ્રી અ.મ.રાવળ, શ્રી ઉમાશંકર, શ્રી રામભાઈ બક્ષી, શ્રી વિ.ક.વૈદ્ય આદિ વિદ્વાનો નરસિંહની જ્ઞાનશ્રયી કવિતા પર વારી ગયા છે. કારણ કે મસરાંએ નિરાકારને તો લેખામાં જ નથી લીધો, સાકારને જ ગાયો છે. પરંતુ આખુંયે બ્રહ્માંડ જેનું એક રોા માત્ર તે બ્રહ્મને નરસિંહે તો લટકાં કરાવીને પ્રત્યક્ષ કરાવી દીધો છે.

નરસિંહમાં એક પ્રકારનો નિર્મમ ઉલ્લાસ અને તટસ્થતા દેખાય છે જ્યારે મીરાંમાં તદ્રુપતા જ જોવા મળે છે. આત્માનુભવને નરસિંહ ગાવા બેસે છે ત્યારેય તેની તટસ્થતાની છાયા સાવ અળગી ખસી જતી નથી. મીરાં જેટલી ઊર્મિની ઉત્કટતા કદાચ નરસિંહમાં નથી એમ કહી શકાય.

નરસિંહનાં કાવ્યોને આત્માચરિત્રાત્મક, જ્ઞાનશ્રયી, કૃષ્ણલીલા, સંકીર્તનનાં, બોધાતમક એમ પાંચેક વિભાગમાં વહેંચી શકાય તેમ છે. 'ગિરિ તળેટી ને કુંડ દામોદર', 'તું શાનો ઠાકોર ?', 'કેટલાએક મળી વાત એવી કરે', 'સાસરે પધારો રો મારી કુંવરી', 'કેદારો મુકવાને ચાલ્યા', 'ભાગ્ય ભોગળ શામળિયા સાથી', 'કેટલાંક પ્રસંગો', 'મામેરું', 'હૂંડી', માંડળીકની સભામાં હારનો બનાવ, હરિજનવાસમાં ભજન આદિ બાબતોનો ઉલ્લેખ થયો છે. આ પ્રકારનાં કાવ્યોમાં એક ભકતની આરજૂ 'હૂંડી'માં વ્યકત થાય છે., પણ 'હાર' માગતા નરસિંહનસ કવિતાઓ જોવા જેવી છે. ભકતે ભગવાન સાથે કેવું સાયુજ્ય કેળવ્યું છે તે એવાં કાવ્યોમાંથી દેખાય છે. ભકતની કાકલૂદી, અધિકારની ખુમારી, ભગવાનેય સંભળાવી દેવાની આત્મીયતાભરી પ્રેમળતા, આત્મદોષનિન્દા, પ્રભુગુણસંકીર્તન આદિ ઘણી બાબતો આવાં કાવ્યોમાં જોવા મળે છે. ભકત ને ભગવાન વચ્ચેની આ વાણી પરમ પુનિત લાગે તેવી છે. નરસિંહે તો ભગવાનનેય બોલતાં કર્યા છે. ભગવાનમુખે ભકતની પ્રશંસા નરસિંહે કરાવી છે !

તુજમાં ને મુજમાં ભેદ નહિ નાગરા, માન્ય તું માહરી વેદવાણી,

હજી રે જોને તને પ્રતીતિ ન ઊપજે, માગતાં મોકલ્યું ટાઢું પાણી

*

ભણે નરસૈયો મીઠું બોલી શું રીઝયો, કર જોડી કૃષ્ણજી સમ ખાયે.

ભકત પાસે કાલાવા કરતા ભગવાનનું આવું ચિત્ર કદાચ કોઈ ભકતકવિએ નથી આપ્યું. ભકતના ગૌરવની આવી અદભુત પ્રતિષ્ઠા ને તે પણ ભગવાનના હાથે બીજે કયાંય કોઈ નથી કરી !

પ્રગટ બોધ આપતાં કાવ્યો પણ નરસિંહે લખ્યાં છે. 'સુખ-દુ:ખ મનમાં ન આણીએ', 'જે ગમે જગતગુરુ દેવ જગદીશને', 'સમરને શ્રી હરિ મેલ મમતા પરી', 'ગુમાનના ઘેલા રે', 'આવરદા તો વહી ગઈ', 'કૃષ્ણ કહો કૃષ્ણ કહો આ અવસર છે કેવાનું', 'કર મન ભજનનો વેપાર', 'રાત રહે જાહરે પાછલી ખટઘડી', 'હરિહરિ રટણ કર', 'નારાયણનું નામ જ લેતાં'.

આ પ્રકારનાં કાવ્યોમાં માયાપોઢય અજ્ઞાની જીવને હાકલ કરસને તેને ઈશ્વરાભિમુખ કરવાની નરસિંહનસ સાત્ત્વિક પ્રવૃત્તિનો પરિચય મળે છે. એમાં સંસારને ઘોળીને પી જઈને, ઈશ્વરની ભકિતમાં રાતામાતા રહેતા ભકતની મસ્તીભરી ખુમારી પણ કયાંક કયાંક પ્રગટ થાય છે સામાન્ય સંસારીજનોને શીખ આપતાં આવાં કાવ્યો પર નરસિંહની પ્રતિષ્ઠાનો આધાર સાવ નથી એમ તો ન જ કહેવાય પણ 'નારાયણનું નામ જ લેતાં', 'રાત રહે જાહેર રે', 'સુખ-દુ:ખ મનમાં' જેવા કાવ્યો જ માત્ર આ પ્રકારમાંથી લોકજીભે ચડયાં છે ને તે પણ એની સરળતા ને અર્થગંભીરતાને કારણે.

'જશોદાજી જમવાને તેડે', 'જાગનેજાદવા'- જેવામાં કૃષ્ણની બાળલીલાનો આછાપાતળો આભાસ જોઈ શકાય. 'પ્રભુ ! મને તારો, પાર ઉતારો' જેવી રચનામાં લલિત હૃદયની ભવમોચનાર્થે થયેલી પ્રાર્થના સંભળાય છે તો 'તમારો ભરોસો મને ભારી'- જેવામાં ઈશ્વરગણનું શ્રદ્ધાપૂર્ણ સંકીર્તન થયું છે. 'હાં હાં રે પાંડવ જૂગટે રમવા બેઠા', 'જળકમળ છાંડી જાને', જેવામાં કથાત્મક કાવ્યોનો પરિચય મળે છે. કથાને સંવાદથી, સ્વભાવિક પાત્રોકિતથી ને ભકિતભાવથી ઊર્મિપ્રાણિત કરીને નરસિંહે આવાં કથાત્મક lyric ને પણ લોકભોગ્ય કરી દીધા છે.

'સુદામાચરિત'નાં પદો સ્વગતોકિત, સંવાદ, કથા અને વર્ણનએ ચારેયનો વિનિયોગ કરતાં લાગે છે. 'ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી', 'પ્રેમલક્ષણા ભકિતનો સુરમ્ય પરિમલ પ્રસરાવનારી છે.

પાત્રોનાં મુખમાં ઉકિત મૂકીને નરસિંહ જે રીતે ભકિતભાવ ગાય છે તે નોંધપાત્ર છે. આવાં પાત્રોલક્ષી કાવ્યો પણ નરસિંહ સારી સંખ્યામાં આપે છે. 'જશોદા કાનુડા ને સાદ કરી ને વાળ રે', 'નહી આપુ હો નંદના લાલ મહિડા મારા રે', 'લગારેક નંદના છોરા આવને મારી ગાવડી દોવા' જેવી રચનાઓ ધ્યાન ખેંચશે. એમાં કૃષ્ણસંકીર્તન, ગોપીભાવ, શૃંગારરસ અને પ્રસંગની નાટયાત્મકતા એ બધા તત્વો ભળી રહેવાથી ગેયતાને વરેલી એવી રચનાઓ હોઠે ગૂંજતી થઈ રહે છે.

કૃષ્ણભકિત, ભકિતબોધ, આત્મવૃતાંત, જ્ઞાન સામાન્ય સંસારજ્ઞાન, કૃષ્ણલીલા, ગોકુળલીલા, સંત ચરિત્ર આદિનું ગાન કરવામાં નરસિંહની કવિતા રોકાય છે. જયારે મીરાંની કવિતા તો સીધેસીધી એક જ માર્ગે વહી રહે છે. આથી મીરાં જેટલી ઉત્કટતા નરસિંહમાં નથી આવતી.

નરસિંહની કવિતાનો વિજય તો એના જ્ઞાનથી છલકાતા કાવ્યો છે. જ્ઞાનનો આનંદ અને જ્ઞાનની ખુમારી બંનેને લઈ પ્રવર્તતા કાવ્યોમાં ભવ્યતા અને ઋજુતા, વિશદતા અને ગંભિરતા, લોકભોગ્યતા વિદ્વતભોગ્યતા એવા પરસ્પર વિભિન્ન એવા તત્વોનો સમન્વય થયો છે. નરસિંહના કાવ્યોને ઠાકોરે ત્રીજા નેત્રની પ્રસાદી તરીકે બીરદાવ્યા છે તે આને કારણે આવા કાવ્યો છે - 'ભુતળ ભકિત પદારથ મોટું', 'જાગસ ને જોવું તો', 'અખિલ બ્રહ્માડમાં', 'નીરખને ગગનમાં', 'જયાં લગી આત્માં તત્વ ચીંયો નહી' વગેરે, શ્રી અ.મ.રાવળ કહે છે તેમ એ કાવ્યોની બાની તે ઉપનિષદ કોટીની કાવ્ય બાની છે. ભવ્યતાની કોટીએ પહોંચતો ભકિત કવિ નરસિંહનો એ બ્રહ્મ લકાર ભકિત ભીની વાણીમાં પ્રગટ થયો છે. નિરાકારને સાકાર કરી આપતી, પરોક્ષને પ્રત્યક્ષ કરી મુકતી, નિગુઢને પલકવારમાં સરળ કરી મુકતી, નરસિંહની પ્રતિભા ખરે જ ઊંચા સ્થાનની અધિકારીણી છે. જ્ઞાનાશ્રયી કવિતામાં એમ તો

પછી ઘણા કવિઓની સેવા ભળી છે. અખા જેવો સમર્થ જ્ઞાની કવિ પણ થયો છે. પણ કબીરમાં જેમ જે તેમ અખામાં જ્ઞાનને કાવ્યમય કરવાનું બળ નથી. નરસિંહમાં તત્વનું નથી એમ નહીં, અલ્પ છે પણ તત્વનું કાવ્ય વિશેષ છ.

-ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રુપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

-ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોય.

ગહનમાં ગહન વિષયને નરસિંહ મહેતાએ સાવ સરળ કરીને મુકી દીધો છે. જીવ શીવની વાતને કનક કંડળ વિશે ભેદ ન્હોયે, કહીને સંદર રીતે સમજાવી આ પ્રકારની રચનાઓ તેનું ઉત્તમ પ્રદાન છે.

સંસારનો પરાર્મશ ‘બાલા તે વરની પાલખી’, જેવા રૂપકાત્મક કાવ્યમાં જોવા મળે છે. ‘ઘડપણ કેને મોકલ્યું’, ‘ભજનનો વેપારમાં’ પણ આ જ બાબત જોવા મળે છે સંસારની અસારતાનું ચિત્ર આમ આલેખ્યું છે.

હાડ જલે જેમ લાકડા, ને બાલ જલે જેમ ઘાસજી,

કંચન વર્ણી કાયા જલશે, કોય ન આવે પાસજી,

શેરી લગણ તે સુંદરી, ઝાપા લગણમાં બાજી,

તીરથ સુધી બંધવો ભાઈ ખોરીને બાળે હાડ.

‘ઉબંરા તો ડૂંગરા થયા રે પાદર થયા પરદેશ’ આ પંકિતમાં ઘડપણની નબળાઈને કેવું લાઘવ ભર્યું ચિત્રણ કેવી સહજ ઉકિતથી કર્યું છે ! નરસિંહની કાવ્ય નિરૂપણની પ્રતિભા પણ સારી ત્રેવડ બતાવે છે.

-મોરના પીછનો મુગટ મસ્તક ધરે, કુંડળ મકરા કૃત શ્રવણ લટકે.

-મીહડા વલોવતા માખણ પ્રગટયું મોહનને હું આલીશ રે.

-બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે.

ઉચિત શબ્દ વિન્યાસ દ્વારા ભાવોને સઘન રીતે ઝીલતી અને ફંગોળતી નરસિંહની ભાષા કેવા ભિન્ન ભિન્ન સ્વરૂપો ધરે છે તે ઉરની પ્રંકિતથી સમજાશે. ભવ્યતાની કોટી સુધી પહોંચવાની ત્રેવડ નરસિંહની વાણીમાં છે. અનિર્વચનીય બ્રહ્મને પાંચ જ શબ્દમાં રજૂ કરી શકે એ ભાષાના બળની શું વાત કરવી. નિરુપણનું લાઘવ પણ જોવા જેવી છે.

-નાનું સરખું ગોકુળિયું, મારે વિઠલે વૈકુઠ કીધું રે.

-જેમ ગગન ગાજે હાથીયો

-બળી તણો દ્વાર હરિ વિપ્ર વામન હુવા, વેદની ધૂન ગઈ ગગન ગાજે

-લહાણના વહાણ જેમ દ્વાર છૂટે

આવા દ્રષ્ટાંતો નરસિંહની લાઘવતાનો પરિચય આપી રહે છે. હળવા કર્મનો હું નરસૈયો કહેતો નિરાભિમાની નરસિંહ ભકિતની ખુરમારી નથી બતાવ તો એમ નહીં. હાર માટે ટળવળતા તે ઈશ્વરને પણ સંભળાવી દે છે :

-તારી ગરજ માટે માબા તે બે કર્યા

-અણવશી નાર તે ભોગવી ભૂધરા

ઈશ્વર સાથેનો ભકતનો નિકટતમ સ્નેહ સંબંધ જ એમા જોવો જોઈએ. શુભગ ચિત્રાંકનો પણ નરસિંહની કલમમાંથી રજ રીતે પ્રગટે છે. પરોઢનું ફકડ ચિત્ર આલેખ્યું છે. ભોળી ભરવાડણનું, અનાથના નાથ ને ચૌટા વચ્ચે વહેંચવા નીકળવાનું ચિત્ર એનું રૂપક પણ કેવું આકર્ષક છે.

નરસિંહમાં કવ્ચિત હાસ્યરસની છાંટ પણ જોવા મળે છે. ચંદ્ર લેવાની હઠ લઈને બેઠેલા હરિને માતા કહે છે.. ‘કુંવર કાંઈ નવ લહે, વાત અભિ નવ કરે નો હે કોઈ ટોપરું ગોળ ધાણી’

-ઉતર દીશાથી ઉમડયો વરસે ઘોરમ ઘોર

ચૌદશ ચળકે વીજળી મીઠા બોલે છે મોર

જેવી વ્યંજના પૂર્ણ પ્રકૃતિ ચિત્રણની માધુરી - આ સૌમા પ્રગટતો ભકિત વિનમ્ર, ભકિત મસ્ત, જ્ઞાની, દાસાનું દાસ કવિ નરસિંહ ચૌદલોકમાં ન માય તે બ્રહ્મને મટુંકીમાં ઘાલીને વહેંચવા નીકળેલો કવિ છે. એનું કલ્પનાબળ, કવિત્વ, રસિકતા, શબ્દભંડોળ, વાણીમાધુર્ય, ચિત્રકૌશલ ગુજરાતી કવિતાની બાળ અવસ્થાના કાળેપણ મનોરમ છે.

નરસિંહ અને મીરાંની કવિતાએ ગુજરાતી ઊર્મિકવિતાના શૃંગોસર કર્યા છે. એમ જે કહેવાયું છે તેમાં જરાય અતિશયોકિત નથી લાગતી, હળવા કર્મનો હરિઘેલો નરસૈયો અને હરિરસમાં મદમાતી મીરાં ગુજરાતી ઊર્મિ કવિતાના બે પરમ રમ્ય આભુષણ છે. ગુજરાતી કવિતા ને ગુજરાતી ભકિત એ બંનેથી ઊજળા છે.

- ડાં. અમી. એલ. રાવલ
અધ્યક્ષ
શ્રી એમ.પી શાહ આર્ટસ્ એન્ડ સાયન્સ કોલેજ,
સુરેન્દ્રનગર

....